<u>**ક્રિમીનલ ઈન્કવાયરી નં. ૩૯/૨૦૨૨ ના કામે આંક−૧ લગત હુકમ**</u>

**૧.** ફરિયાદી રોયલ્ટી ઈન્સ્પેકટરનાઓએ આરોપી વિરૂદ્ધ **તા. ૨૫/૦૫/૨૦૨૨** ના રોજ the Mines and Minerals (Development and Regulation) Act, 1957 ની કલમ−૨૨, ૪(૧), ૨૧ તથા Gujarat Mineral (Prevention of Illegal Mining, Transportation and Storage) Rules, 2017 ના નિયમ−૩ તથા ૨૧ અન્વયે ફરિયાદ ત્રીજા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ જજશ્રી ઉના સમક્ષ દાખલ કરેલી. ત્યારબાદ **તા. ૩૦/૦૯/૨૦૨૨** ના રોજ એડી. સેશન્સ જજશ્રી ઉનાનાએ આ કાયદાના સંદર્ભેના ગુન્હાની ટ્રાયલ સ્પેશ્યલ કોર્ટને ચલાવવાની રહેતી હોય બીજા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ જજશ્રી વેરાવળને સ્પેશ્યલ કોર્ટ તરીકે નોમીનેટ કરેલ હોય તબદીલ કરવાનો હુકમ કરેલો છે.

**૨.** ત્યારબાદ સદરહું ઈન્કવાયરી અત્રેની સ્પેશ્યલ કોર્ટ સમક્ષ રજુ થયેલી જેને **ક્રિ.ઈન્કવાયરી નં.૩૯/૨૦૨૨** આપવામાં આવેલ છે.

**૩.** અત્રેની કોર્ટને Mines and Minerals (Development and Regulation) Act, 1957 ની કલમ−૩૦(બી) મુજબ સ્પેશ્યલ કોર્ટ તરીકે નોમીનેટ કરેલ છે. જેથી અત્રેની અદાલતને સદરહું અધિનિયમ હેઠળના ગુન્હાઓ સબબ ટ્રાયલ ચલાવવાની હકુમત રહેલી છે.

**૪.** ફરિયાદી જે રોયલ્ટી ઈન્સ્પેક્ટર હોય અને જાહેર નોકર હોય ક્રિ.પ્રો.કોડની કલમ−૨૦૦(એ) મુજબ ફરિયાદ સંબંધે વેરીફીકેશન લેવાની જરૂરીયાત નથી.

**૫.** ફરિયાદ તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લીધા. ફરિયાદની હકીકત જોતા જણાય છે કે, તા.૧૩/૦૩/૨૦૨૨ ના રોજ કાળાપાણખડા ગામે તપાસણી દરમ્યાન ટ્રેક્ટર નંબર વગરનું ગેરકાયદેસર રીતે દરિયાઈ રેતીનું ટ્રેક્ટર દ્વારા વહન કરી રહેલ હોવાનું તપાસણી દરમ્યાન માલુમ પડતા ટ્રેક્ટર જપ્ત કરવામાં આવેલ છે અને તે પૈકી કંપાઉન્ડીંગ ચાર્જ વસુલ કરવા આરોપીઓને કારણ દર્શક નોટીસ પાઠવવામાં આવેલી તેમ છતા પણ કંપાઉન્ડીંગ ચાર્જ વસુલ આપેલ નથી. આમ, આરોપીએ Mines and Minerals (Development and Regulation) Act, 1957 ની કલમ−૪(૧), ૨૧, ૨૨ નો ગુન્હો કરેલ હોય તે સંબંધે ફરિયાદીને ફરિયાદ કરવા સત્તા આપેલી જે અન્વયે ફરિયાદ કરેલ છે.

આમ, ફરિયાદ તથા રજુ થયેલ દસ્તાવેજો જોતા આરોપીના માલીકી કબજાના વાહનોમાં દરીયાઇ રેતીનું ગેરકાયદેસર વહન થતુ હોવાનું પ્રથમદર્શનીય જણાય આવતુ હોય અને અત્રેની કોર્ટને Mines and Minerals (Development and Regulation) Act, 1957 ની કલમ-૩૦(બી) મુજબ સ્પેશ્યલ કોર્ટ તરીકે નોમીનેટ કરેલ હોય અને ફરિયાદીએ લેખીતમાં ફરિયાદ રજુ કરેલ હોય Mines and Minerals (Development and Regulation) Act, 1957 ની કલમ-૨૨ મુજબ અદાલતને કોગ્નીઝેબલ ગુન્હાની સત્તા રહેલી છે. આમ, ફરિયાદ તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આરોપી વિરૂદ્ધ Mines and Minerals (Development and Regulation) Act, 1957 ની કલમ-૪(૧), ૨૧, ૨૨ મુજબના ગુન્હા સંબંધે ઈન્સાફી કાર્યવાહી કરવા માટેના પુરતા કારણો જણાતા હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>-॥ હુકમ ॥-</u>

- પ્રત્યેક આરોપી વિરૂદ્ધ **Mines and Minerals (Development and Regulation) Act, 1957 ની કલમ-૪(૧), ૨૧, ૨૨** ના ગુન્હા સબબે ઈન્સાફી કાર્યવાહી કરવા પુરતા કારણો જણાતા હોય સદરહું ફરિયાદ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૪(૧)(બી) અન્વયે રજીસ્ટરે લઇ પ્રત્યેક આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત ગુન્હા અંગેના સમન્સ મુદ્દત તા.૦૭/૦૭/૨૦૨૩ ના રોજનો કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૫/૦૬/૨૦૨૩
સ્થળઃ- વેરાવળ.

(કિર્તી જે. દરજી)
બીજા એડીશ્નલ સેશન્સ જજ,
ગીર સોમનાથ, વેરાવળ,
કોડ નં. જીજે. ૦૦૪૬૧.